BUSINESS મિત્ર

મીડલ ઇસ્ટમાં તણાવ વધતા ક્રુડ ઓઇલ 95 ડોલર નજીકઃ રોકાણકારોના 4 લાખ કરોડ રૂપિયા સ્વાહા

ટ્રમ્પના જેનરિક દવા પરના ટેરિફથી ભારતીય શેરબજાર ધ્રુજ્યું

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 22 : ભારતીય શેરબજારમાં આજે વેચવાલી હાવી રહી હતી અને નિફ્ટીએ 24000 પોઇન્ટની સપાટી તોડી નાંખી હતી. અમેરિકા અને ઇરાન વચ્ચે વધતો તણાવ હોવાનું માનવામાં આવે છે. તેજ સમયે અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની આયાતી જેનરિક દવાઓ પર તબક્કાવાર ટેરિફ લાદવાની યોજનાએ પણ રોકાણકારોની ચિંતા વધારી હતી. નવી યોજના હેઠળ ફાર્માસ્યુટીકલ કંપનીઓને બે વર્ષનો સમય આપવામાં આવશે, ત્યારબાદ આયાત ડયુટીમાં મોટો વધારો લાગુ કરવામાં આવશે. જેની પાછળ ફાર્મા સેકટરમાં ભારે વેચવાલી રહી હતી. જેના લીધે રોકાણકારોના ચાર લાખ કરોડ રૂપિયાનું ધોવાણ થઇ ગયું છે. આ વખતે બ્રોડર માર્કેટમાં પણ વેચવાલીના લીધે રોકાણકારોની સંપત્તિને નુકશાન થયું હતું.

બીજી તરફ, લાર્જકેપ શેરોમાં દબાણ હોવા છતાં બ્રોડર માર્કેટ બજારને સંભાળી લેતું હતું, પણ આજે બ્રોડર માર્કેટમાં પણ નબળાઇ જોવા મળી હતી.

બીએસઇ સેન્સેક્સ 715.06 પોઇન્ટ એટલે કે 0.92 ટકા વધીને 76755.05 પોઇન્ન્ટા સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 77385 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76641 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 24000 પોઇન્ટની સપાટી તોડી હતી. નિફ્ટી 191.45 પોઇન્ટ એટલે કે 0.79 ટકા ઘટીને 23996.25 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 24166 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23961 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 708.55 પોઇન્ટ એટલે કે 1.23 ટકા ઘટીને 57126.80 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે ટીવીએસ હોલ્ડીંગ્સમાં 10.62 ગણા, મહિન્દ્રા-મહિન્દ્રામાં 7.29 ગણા, ક્રીસીલ લિ.માં 7.13 ગણા, ટ્રાઇડન્ટ લિ.માં 6.79 ગણા, બંધન બેન્કમાં 6.77 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ટ્રાઇડન્ટ લિ.માં 15.35 ગણા, બંધન બેન્કમાં 12.6 ગણા, મહિન્દ્રા-મહિન્દ્રા ફાઇ.માં 10.99 ગણા, ટાટા ટેલી (મહારાષ્ટ્ર)માં 9.92 ગણા અને ડેટા પેટર્નમાં 9.91 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારો અટક્યો હતો. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 1.05 ટકા અને સ્મોલકેપ ઇન્ડેકસ 1.39 ટકા ઘટ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળું રહ્યું હતું. બીએસઇ ખાતે 1471 શેરો વધ્યા હતા, જ્યારે 2767 શેરો ઘટયા હતા અને 193 શેરો યથાવત રહ્યા હતા.

કોમોડિટીઝ માર્કેટમાં ક્રુડ ઓઇલ 4.57 ટકા વીઇને 95.17 ડોલર પ્રતિ બેરલ થઇ ગયો હતો.

નિફ્ટી મીડિયા ઇન્ડેક્સ 2.68 ટકા ઘટ્યા હતા. જેમાં ટીપ્સ મ્યુઝીક, સારેગામા ઇન્ડિયા, નેટવર્ક 18 મીડિયા, ઝી એન્ટર, હેથવે કેબલ, પ્રાઇમ ફોકસ, નઝારા ટેકનો, ડીબી કોર્પ, પીવીઆર આઇનોક્સ અને સનટીવી નેટવર્ક ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુકેમાં જુન મહિનાનો ફુગાવાનો દર ઘટીને આવ્યો હતો. જે માસિક ધોરણે 2.8 ટકાથી ઘટીને 2.6 ટકા પર પહોંચ્યો હતો. જે 2 ટકાના લક્ષ્ય તરફ આગેકૂચ કરી રહ્યું છે. જેના લીધે યુરોપિયન બજારો પોઝિટિવ ચાલ દર્શાવી રહ્યા છે. બીજી તરફ, હુથી બળવાખોરોએ મીડલ ઈસ્ટના સંઘર્ષમાં મોરચો ખોલવાની ધમકીથી રોકાણકારોએ યુએસ બજારો ઉછાળાના સંકેતો લેતા એશિયન બજારો મિશ્ર રહ્યા હતા.

રૂપિયો ફરી તૂટીને 96.50ના સ્તરે પહોંચ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 22: મીડલ ઇસ્ટના તણાવમાં વધારો થવાના કારણે ક્રુડ ઓઇલના ભાવમાં ઝડપી ઉછાળો જોવાયો હતો. જેના લીધે ક્રુડ ઓઇલના ભાવ 95 ડોલરને પાર નીકળી ગયા છે અને 100 ડોલર તરફ આગેકૂચ કરી રહ્યા હોવાથી ફરીથી ડોલર મજબૂત જોવાયો હતો. આજે કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 32 પૈસા તૂટીને 96.57ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 109.72, પાઉન્ડ 128.74, કેનેડિયન ડોલર 64.48, ઓસ્ટ્રેલિયન ડોલર 67.59, જાપાનીઝ યેન 0.5925 અને સીંગાપોર ડોલર 74.85ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	96.57 ₹.
યુરો	109.72 ₹.
પાઉન્ડ	128.74 ₹.
યેન	0.5924 ₹.

સેન્સેક્સ	-715.06	76755.05
નિફ્ટી	-191.45	23996.25
બેન્ક નિફ્ટી	-708.55	57126.80

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
બજાજ ઓટો	5.72	10998.50
નેસલે ઇન્ડિયા	2.87	1493.60
ટાટા કન્ઝ્યુમર	1.24	1094.90
પાવરગ્રીડ	0.91	289.30
ઓએનજીસી	0.80	251.90

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ટરગ્લોબ	3.54	5117.00
જિયો ફાઇ.	2.18	234.80
ઇન્ફોસીસ	1.99	1052.10
ડો. રેડ્ડીઝ લેબ	1.92	1182.80
એસબીઆઇ	1.86	1025.00

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇટર્નલ	0.99	289.55
એચયુએલ	0.75	2158.00
પાવરગ્રીડ	0.58	288.30
એનટીપીસી	0.43	350.00
ટાઇટન કંપની	0.38	4705.65

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ટરગ્લોબ	3.68	5115.00
એક્સીસ બેન્ક	2.06	1232.00
ઇન્ફોસીસ	1.93	1052.65
અલ્ટ્રાટેક સિમેન્ટ	1.80	11876.50
એસબીઆઇ	1.80	1025.50

સુડોકુ - 'કૂટ' ૬૫૮૩

૨	૪	૮	૯	૬		૫		
૫	૧		૮	૭			૬	૪
૩	૭	૬	૨	૪		૮		
							૮	
૭			૪	૩	૯			૨
	૨	૩		૧	૮	૪		૯
		૨			૭	૯		૮
૮			૬	૯	૪	૭	૨	૫
	૫		૩	૮		૧	૪	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૬	૨	૧	૯	૭	૬	૩	૫	૭
૫	૯	૩	૨	૪	૭	૬	૧	૮
૭	૬	૮	૩	૧	૫	૯	૨	૪
૩	૮	૬	૯	૨	૧	૭	૪	૫
૯	૭	૨	૬	૫	૪	૧	૮	૩
૧	૪	૫	૭	૮	૩	૨	૬	૯
૮	૩	૭	૫	૬	૨	૪	૯	૧
૨	૫	૪	૧	૩	૯	૮	૭	૬
૪	૧	૯	૮	૭	૬	૫	૩	૨

સુડોકુ ૬૫૮૩

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

માથું દુખવું

એક ગ્લાસ પાણીમાં 10 પાન તુલસી અને એક આદુનો ટુકડો નાંખી, ઉકાળી લો. મધ કે સાકર નાંખી પીવાથી માથું મટશે. ચમચી ઘી માં કપૂર ભેળવી માથે ઘસી, આરામ કરો.

શબ્દગુંફન - ૭૨૪૭

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

૧. ઝટ ભાંગી જાય તેવું (૩)
૩. સંધિપત્ર, તહનામું (૫)
૬. રહેવાસી (૩)
૮. એક ધાન્ય (૨)
૧૦. સાચું (૨)
૧૧. બ્રહ્માના માનસપુત્ર (૩)
૧૩. શરીર ગરમ રહેવાનો રોગ (૨)
૧૪. એક જળચર (૩)
૧૬. કર્તવ્ય (૩)
૧૮. વાંદરું, કપિ (૩)
૧૯. નસીબ, ભાગ્ય (૪)
૨૧. પતિ, સ્વામી (૨)
૨૨. મહેક, ખુશબો (૪)
૨૪. ટોળું, મંડળ (૨)
૨૫. સિંહ (૪)
૨૮. કાંઠો, કિનારો (૨)
૩૦. દેહ, શરીર (૨)
૩૧. પવન (૨)
૩૨. જાવરો (૩)
૩૩. પાણીનો ઘાટ (૪)

ઊભી ચાવી

૧. કાઢી મૂકેલું (૫)
૨. બીક (૨)
૩. ખોદવાનું ઓજાર (૨)
૪. એક સુંગાદી પદાર્થ (૩)
૫. ધૂળ (૨)
૭. ફુદરતી બરફ (૨)
૯. સહાય (૩)
૧૧. હોડી, વહાણ (૨)
૧૨. પીડવું તે (૩)
૧૫. ગીધની માદા (૪)
૧૭. ધારો, રિવાજ (૩)
૧૮. ઢીલ, વિલંબ (૨)
૧૯. કાંઠો, કિનારો (૨)
૨૦. સતેજ કરવું તે (૩)
૨૨. આંટી ઉતારવાની ફાળકી (૩)
૨૩. ઉજ્જડ પ્રદેશ (૨)
૨૪. હાથી (૨)
૨૫. જંગલ (૨)
૨૬. રાજાને કરાતું સંબોધન (૩)
૨૭. વિજય, ફત્તેહ (૨)
૨૯. ઘુઘ્ઘી, પરવાનગી (૨)
૩૦. લાગ (૨)
૩૧. રસ્તો, રાહ (૨)



૭૨૪૭ - અરવિંદ એસ. મારૂ

જેનરિક દવા પર ટ્રમ્પનો ઘા, ભારતીય ફાર્મા સેકટરમાં ફફડાટ

અમેરિકામાં જેનરિક દવાનું ઉત્પાદન કરવું સરળ નથી, જ્યારે ભારત અમેરિકાથી લગભગ 50 ટકા સુધી સસ્તુ છે

નવી દિલ્હી, તા. 22: અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે, 1લી ઓગસ્ટ, 2026થી અમેરિકામાં આયાત કરવામાં આવતી જેનરિક દવાઓ પર ટેરિફ લાદવા માટે નવી સમયરેખા નક્કી કરવામાં આવી છે. આ જાહેરાતથી સન ફાર્મા, લ્યુપીન, સીપલા સહિત દેશની ઘણી ફાર્માસ્યુટીકલ્સ કંપનીઓ રોકાણકારોના રડાર પર આવી ગઇ છે.

ટ્રુથ સોશ્યલ મીડિયા પર એક પોસ્ટમાં ટ્રમ્પે કહ્યું હતું કે, અમેરિકામાં આયાત કરવામાં આવતી તમામ જેનરિક દવાઓ પર બે વર્ષ સુધી કોઇ ટેરિફ લાગશે નહીં. ટ્રમ્પની જાહેરાત મુજબ આ પછી 1 ઓગસ્ટ 2028થી તેમના પર 100 ટકા ટેરિફ લગાવવામાં આવશે અને 1 ઓગસ્ટ 2029થી તેને વધારીને 200 ટકા કરવામાં આવશે.

ટ્રમ્પના જણાવ્યા અનુસાર અમેરિકામાં જેનરિક દવાઓનું ઉત્પાદન કરવા માટે ટેરિફ પોલિસી બનાવવામાં આવી છે. તેમણે કહ્યું કે જે કંપનીઓ નિયત સમયની અંદર યુએસમાં તેમના પ્લાન્ટ અને સાધનો સ્થાપિત કરતી નથી, તેમને ટેરિફનો સામનો કરવો પડશે. અગાઉ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફ બ્રાન્ડેડ અને પેટન્ટ ડ્રગ્સ હતા, જેમાં હજુ સુધી ફેરફાર કરવામાં આવ્યો નથી. અગાઉની નીતિમાં જેનરિક દવાઓને આવરી લેવામાં આવી ન હતી કારણ કે યુએસમાં ડોકટરો ફક્ત 90 ટકા જેનરિક દવાઓ સૂચવે છે. ટ્રમ્પ વહીવટીતંત્રે ટ્રેડ એક્સપાન્શન એક્ટની કલમ 232 હેઠળ રાષ્ટ્રીય સુરક્ષાના આધારે ફાર્મા ઉદ્યોગની તપાસ પણ શરૂ કરી હતી. આ સિવાય સામાન્ય લોકોએ સસ્તી દવાઓના સીધા વેચાણ માટે ટ્રમ્પ આરએક્સ નામનું પ્લેટફોર્મ પણ શરૂ કર્યું હતું.

ટ્રમ્પના ટેરિફની જાહેરાતથી ભારતીય કંપનીઓ ઉપર ભારે અસર પડી શકે છે. જેનું કારણ અમેરિકામાં ભારતીય ફાર્માસ્યુટીકલ્સ કંપનીઓના વેચાણના લગભગ 90 ટકા જથ્થો જેનરિક દવાઓમાંથી આવે છે. એટલું જ નહીં, અમેરિકામાં કુલ જેનરિક દવાઓમાંથી 40 ટકા ભારતીય ફાર્મા કંપનીઓની છે. ભારતમાંથી અમેરિકામાં ફાર્માની નિકાસ લગભગ એક હજાર ડોલર છે. આ સિવાય ભારતની બહાર સૌથી વધુ મેન્યુફેક્ચરીંગ પ્લાન્ટસને યુએસ ડ્રગ રેગ્યુલેટર એફડીએ દ્વારા મંજુરી આપવામાં આવી છે. જે લગભગ 670 છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમેરિકા કરતા ભારતમાં દવાઓ બનાવવામાં આવે છે, તેનું મુખ્ય કારણ તે લગભગ 50 ટકા સુધી સસ્તી પડે છે. જોકે, નિષ્ણાતોનું કહેવું છે કે, ટ્રમ્પના શાસનકાળ પછી શું થશે તે જોવાનું રહેશે. એટલું નહીં, અમેરિકામાં જેનરિક દવાનું ઉત્પાદન કરવું સરળ નથી. નિષ્ણાતો એમપણ કહે છે કે, યુએસમાં મોટા પ્રમાણમાં ઉત્પાદન ક્ષમતા વિકાસવવામાં દાયકાઓ લાગી શકે છે, કારણ કે યુએસની ઓછી કિંમતની જેનરિક દવાઓ બનાવવાની ક્ષમતામાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

જબરજસ્ત પરિણામોના પગલે નેસલે ઈન્ડિયા 52 વીકની ઉંચાઈએ પહોંચ્યો

નેસલેએ આવક, નફો, માર્જિન તમામ ક્ષેત્રે વિશ્લેષકોના અંદાજને પાછળ છોડી દીધા

મુંબઇ, તા. 22: એફએમસીજી સેકટરની જાયન્ટ નેસલે ઈન્ડિયાના જુન કવાર્ટરના સુંદર પ્રદર્શનની અપેક્ષાઓ કરતા ઘણુ સારૂં રહ્યું હતું. કંપનીની આવક, ઈબીટા, નફો અને માર્જિન તમામ બાબતે વિશ્લેષકોના અંદાજને વટાવી દીધા છે. જેના લીધે રોકાણકારોનો જોશ વધ્યો હતો અને આજે નેસલેનો ભાવ ઉછળીને બાવન વીકની ઉંચાઈએ પહોંચી ગયો હતો, જે આજે રૂ. 1510ની નવી ઉંચાઈ બનાવી હતી. જે છેલ્લે રૂ. 1500ના ભાવે બંધ રહ્યો હતો.

નેસલે ઈન્ડિયાના જુન કવાર્ટરમાં નફો 45 ટકા વધ્યો હતો, જ્યારે આવકમાં 25.2 ટકાની વૃદ્ધિ જોવા મળી હતી. નેસલે ઈન્ડિયાનો ચોખ્ખો નફો 45 ટકા વધીને રૂ. 875.10 કરોડ થયો છે, જે ગત વર્ષના સમાન કવાર્ટરમાં રૂ. 659.20 કરોડ થયો હતો. ગત વર્ષના સમાન કવાર્ટરની સરખામણીએ કુલ આવક 25.2 ટકા વધઈને રૂ. 6378 કરોડ થઈ છે. કંપનીના માર્જિનમાં પણ સારો સુધારો થયો છે. બજારે 22.7 ટકાના માર્જિનની અપેક્ષા રાખી હતી, પણ વધુ સારા ખર્ચ નિયંત્રણ અને મજબૂત ઓપરેટિંગ પ્રદર્શનના કારણે 300થી વધુ બેસીસ પોઇન્ટનો સુધારો થયો છે.

એચએફસીએલ ખોટમાંથી બહાર નીકળી, 229 કરોડ રૂપિયાનો નફો કર્યો

એચએફસીએલના શેરની કિંમત છ મહિનામાં 250 ટકા વધી

મુંબઇ, તા. 22: ટેલિકોમ ઇક્વિપમેન્ટ અને ઓપ્ટીકલ નેટવર્કીંગ સેકટરની કંપની એચએફસીએલ લિ.એ જુન કવાર્ટરમાં અત્યાર સુધીનું સૌથી મજબૂત પ્રદર્શન કર્યુ છે. કંપનીની આવક બમણી થઈ ગઈ હતી અને એક વર્ષ પહેલા થયેલા નુકશાનમાંથી બહાર આવ્યા બાદ કંપની નફાકારકતામાં પરત ફરી હતી. મજબૂત નિકાસ, વધુ સારી પ્રોડકટ મિશ્રણ અને ઓપરેટિંગ કાર્યક્ષમતાએ પરિણામોને ટેકો આપ્યો હતો. કંપનીના પરિણામો જાહેર થયા બાદ આજે ઉછળ્યો હતો, જે રૂ. 228ની નવી ઉંચાઇ પર પહોંચ્યો હતો. જોકે, પછીથી નફાના બુકીંગના કારણે તે લગભગ 217.95ના સ્તરે બંધ રહ્યો હતો.

જે છેલ્લા છ મહિનામાં કંપનીએ 250 ટકા વળતર આપ્યું છે. એપ્રિલ-જુન કવાર્ટરમાં કંપનીનો નફો રૂ. 228.60 કરોડ રહ્યો હતો, જે ગત વર્ષે આ સમયગાળામાં રૂ. 32.2 કરોડની ખોટ હતી. કંપનીની આવક 120 ટકા વધીને રૂ. 1915 કરોડના વિક્રમી સ્તરે પહોંચી છે.

ક્રિસીલે હિન્દુસ્તાન ઝીંકને સ્ટ્રોંગ ઇએસજી રેટિંગ આપ્યું

મુંબઇ, તા. 22: વેદાન્તા જુથની ફ્લેગશીપ કંપની અને વિશ્વની સૌથી મોટી ઝીંક-સીલ્વર ઉત્પાદક કંપનીઓમાંની એક હિન્દુસ્તાન ઝીંકને રેટિંગ એજન્સી ક્રિસીલે ઇએસજી રેટિંગ આપ્યું છે, એટલે કે સ્ટ્રોંગ કેટેગરીમાં સ્થાન આપ્યું છે. હિન્દુસ્તાન ઝીંક દ્વારા સ્ટોક એક્સચેન્જને સત્તાવાર માહિતી આપી હતી કે, સેબી રજિસ્ટર્ડ રેટિંગ પ્રોવાઇડર ક્રિસીલ ઇએસજી રેટિંગ્સ એન્ડ એનાલિટિક્સ લિ. એ સ્વતંત્ર રીતે કંપનીનું મુલ્યાંકન કર્યુ છે. આ મુલ્યાંકનમાં હિન્દુસ્તાન ઝીંકને ક્રિસીલ ઇએશજી62 રેટિંગ આપવામાં આવ્યું છે, જે સ્ટ્રોંગ કેટેગરીમાં આવે છે.

INDO-MIM લિમિટેડનો આઇપીઓ

INDO-MIM લિમિટેડનો આઇપીઓ 23 જુલાઈ, 2026ને ગુરુવારે ખુલશે, જેમાં રૂ.1ની ફેસ વેલ્યુ ધરાવતા ઇક્વિટી શેરની ઓફર રજૂ થશે. ઓફરની પ્રાઇસ બેન્ડ રૂ.1ની ફેસ વેલ્યુ ધરાવતા કંપનીના દરેક ઇક્વિટી શેરદીઠ રૂ. 461થી રૂ.1ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઇક્વિટી શેરદીઠ રૂ. 485 નક્કી થઈ છે. બિડ લઘુતમ 30 ઇક્વિટી શેર માટે કરી શકાશે, જે દરેકની ફેસ વેલ્યુ રૂ.1 છે અને પછી વધારે રોકાણ 30 ઇક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે, જે દરેકની ફેસ વેલ્યુ પણ રૂ.1 છે. આઈપીઓ 27 જુલાઈ, 2026ના રોજ બંધ થશે.

આજનું પંચાંગ

તા. 23/07/2026, ગુરુવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** અષાઢ
તિથિ: સુદ: નોમ: 07:04 પછી દસમ-શ્રીહરિજયંતી
અયન : દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : શ્રાવણ: 01
યોગ : શુભ **કરણ:** તૈતિલ **નક્ષત્ર :** વિશાખા: 25:43
રાશિ: તુલા (ર,ત)
દિવસ : સામાન્ય ભડલી નોમ, બુધ માર્ગી 28-29થી
સુરતમાં સૂર્યોદય : 06:10 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:20 **નવકારસી :** 06:58
પારસી વર્ષ : 1395 સ્પેન્દારમદ માસનો 13મો રોજ
મુસલમાન વર્ષ : 1448 સફર માસનો 08મો રોજ
દિવસનાં ચોઘડિયાં: શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
રાત્રિનાં ચોઘડિયાં: અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
રાહુકાળ: બપોરે : 13:30 થી 15:00 સુધી

મેષ (અ,લ,ઇ,): વ્યવસાયની યોજના બને. ઘરના કામમાં રસ લેવાનું બને. પારિવારિક બાબતે શુભ સમાચાર મળે. આવક વધે.

વૃષભ (બ,વ,ઉ,): કોર્ટ-કચેરીમાં અનુકૂળતા રહે. વડીલોના આરોગ્યના ખર્ચા વધશે. સખત મહેનતનું પરિણામ મળે. હરીફોની પીછે હઠ.

મિથુન (ક,છ,ઘ,): વડીલોના સાથથી સંતાનોનાં કામ પાર પડશે. આવકમા નવી તક ઊભી થાય. સામાજિક પ્રસંગમાં જવાનું બને.

કર્ક (ડ,હ,): નોકરિયાત વર્ગ માટે અનુકૂળ દિવસ કામમાં મદદ મળે. પ્રમોશન થઇ શકે છે. જીવનસાથીનો સહકાર મળે. પ્રવાસ થાય.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

સિંહ (મ,ટ,): દલાલી માર્કેટીંગ ટ્યુશન જેવા કામમાં પ્રગતિ થાય. બૌધ્ધિક લોકોની મુલાકાત થાય. સામાજિક કાર્ય થાય.

કન્યા (પ,ઠ,ણ,): સ્ત્રી વર્ગની તબિયતની સમસ્યા પેદા થાય. ઘરકામનો બોજ વધે. આર્થિક બાબતે કોઇની વાતોમાં આવવું નહીં.

તુલા (ર,ત,): અચાનક નવી જવાબદારી આવે. કૌટુંબિક સમસ્યાનું સમાધાન થાય. વિવાદ ટાળવો. પ્રેમ વિવાહમાં મદદ મળે.

વૃશ્ચિક (ન,ય,): નવી પરિસ્થિતિમાંથી પસાર થવું પડે. કામનો બોજ વધે. મોજ-શોખના ખર્ચા વધે. પ્રવાસમાં ધીરજ.

ધન (ભ,ધ,ફ,ઢ,): પ્રેમમાં લાગણી પર કાબૂ રાખવો. નવા પ્રોજેક્ટમાં કામ કરવાનું બને. આત્મવિશ્વાસ વધે. નવા લોકોથી સાવધાન.

મકર (ખ,જ,): નોકરીમાં નવી જવાબદારી મળે. ધંધામાં વડીલોનો સાથ મળે. સામાજિક કામમાં સાવધાની રાખવી પડશે.

કુંભ (ગ,સ,શ,ષ,): નવા વેપાર-ધંધાની યોજનામાં પ્રગતિ થાગય. નવી નોકરીની તક મળે. વિદેશ સાથેના કામમાં પ્રગતિ થાય.

મીન (દ,ચ,ઝ,થ,): કોઇ અજાણ્યાનો વિશ્વાસ કરવો નહી. કામનો બોજ વધે. નવું શીખવા મળે. સરકારી યોજનાનો લાભ મળે.

કોઈ પણ સાલમાં 23 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું સામાન્ય રહે. નોકરી-ધંધામાં નવી ટેકનોલોજી અને નવી નીતિ પ્રમાણે કામ કરવું પડશે. દોડધામ વધે. સમાજમાં સામાન્ય રહે. પરિવારની વધુ મહેનત કરાવશે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણીની ચિંતા વધે. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉધાર લેવા દેવાનું વર્ષ દરમિયાન ટાળવું. નવા ઘર, વાહન, મકાનની યોજના ઉત્તરાર્ધમાં સફળ બને. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. પ્રેમ વિવાહમાં મદદ મળે. સંતાનોના અભ્યાસ-કેરીયરમા પ્રગતિ થાય. સરકારી નોકરીની તક ઊભી થાય. ઉમરલાયકના વિવાહ થાય. વિદેશના કામમા ગતિ આવે. વિદ્યાર્થીઓને નવી ટેકનોલોજીનો લાભ મળે. વારસા, જાયદાદ જમીન બાબતે વિઘ્નો આવે. આવક વધારવાની યોજનામા મિત્રો-વડીલોનો સાથ મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ, કર્મ થાય. મે-જૂન તથા ઓગસ્ટ, સપ્ટેમ્બર, બુક, શુક્રવાર 5,14,23 તારીખે નવા કામ કરવા. લીલા રંગનો ઉપયોગ વધારવો. જૂન-જુલાઈ શનિવાર 7,16,25 તારીખે નવા કામ ટાળવા. લાલ, કાળા રંગનો ઉપયોગ ટાળવો. બુધના ઉપાય કરતા રહેવું

ચાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન રૂ.	
૩૦/૨૪ બ્રાઇટ	૨૫૩
૩૦/૩૬ એફડી	૨૬૨.૫
લોકલ	
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૧
૬૮/૩૬	૧૩૮.૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૬.૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૪.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૫.૫
૩૦/૧૪ ક્રિમ્પ	
૮૦/૭૨ રોટો.	૧૩૮.૫
૮૦/૩૬ રોટો.	૧૩૭.૫
૧૫૦/૪૮બ્રાઇટ	૧૩૪
૭૫/૩૬ ,,	૧૩૧
૫૦/૩૬ ,,	૧૪૦
૫૦/૪૮ SD/કેપ	૨૪૬
RIL રિલાયન્સ	
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૫.૫
૧૧૪.૧૩ રોટો	---
૧૦૦ ટેક્ષ	૧૩૪.૫
વેલનોન (જીએસટી સાથે)	
૮૦/૭૨ રોટો	૧૪૦
૮૦/૭૨ ફોલ્ડર	૧૪૯.૨૫
૧૬૦ ડીસ્કેટ	૪૯.૨૫
---	---
૮૦/૧૦૮ ,,	૧૪૧.૫
-----	---
૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૯.૨૫
ગાર્ડન	
૪૯/૨૪ એફડીવાય	૧૩૬
૩૦/૧૪ ક્રિમ્પ	૧૯૫
૬૨ ક્રિમ્પ	૧૪૩
૬૮ ક્રિમ્પ	૧૪૧
૭૨ ક્રિમ્પ	૧૩૯.૫
૭૫ ક્રિમ્પ	૧૩૮.૫
૮૦ ક્રિમ્પ	૧૩૬
૮૦/૭૨ રોટો	૧૪૦
૩૦/૨૪ બ્રાઇટ	---
૩૦/૩૬ એફડી	---
TPM	૧૩૯

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૦૪૦૦
તેજાબી સોનું	૧૫૦૩૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૨૮૮૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૭૪૦૦
સોનાનાં બિસ્કીટ	૧૫૦૪૦૦૦
ચાંદી (૯૯૯)	૨૩૩૦૦૦
ચાંદી સિક્કા	૨૩૪૫૦૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૫૦૦૦
એમ-૩૦	૫૦૦૦
એસ-૩૦	૪૯૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૯૦૦
એસ-૩૦	૪૮૦૦